મહા વાવાઝોડાના કારણે ગુજરાતમાં વાતાવરણમાં એકાએક ફેરફાર જોવા મળી રહ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનનો સર્વે કરવા માગણી

સુઈગામ, બનાસકાંઠા જિલ્લાના સરહદી સુઈગામ વાવ, ભાભર તાલુકાના ગામડાંઓમાં ગઈકાલે મહા વાવાઝોડાની અસરને લઈને બપોર બાદ પવન સાથે જોરદાર વરસાદ પડતાં ખેડૂતોના પાકને ભારે નુકસાન થયાના સમાચાર સાંભળીને આજે વહેલી સવારે વાવ વિધાનસભાના ગેનીબેન ઠાકોરે વિવિધ ગામડાંઓમાં જઈને જાત નિરક્ષણ કર્યું હતું અને જગતના તાતને કેટલું નુકશાન છે તે અંગે ખેડૂતો સાથે ખેતરમાં ફરીને તેમના પાકનું કેટલું નુકશાન છે તેનો તાજ મેળવ્યો હતો. વાવના ધારાસભ્ય રવિવારે સવારથી જ તેમના મતવિસ્તારના ગામડાંઓની મુલાકાતે નીકળ્યા હતા અને વિવિધ ગામડાંઓ ની મુલાકાત લઈને ખેડૂતને આશ્વાસન આપ્યું હતું કે જે તમારા પાકને વરસાદના કારણે નુકસાન થયું છે તેમનું વળતર અપાવવા માટે હું મારી પૂરેપૂરી મહેનત કરીને તમારા પાકનું નુકશાનનું વળતર અપાવવા તમારી સાથે ઉભી રહીને વળતર અપાવીશ.

ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે મહા વાવાઝોડાની અસરથી સરહદી સુઈગામ, વાવ, ભાભર તાલુકાના ખેડૂતોના પાકને મોટા પાયે નુકશાન થયું છે ત્યારે સરકાર તરફથી સર્વે કરાવીને ખેડૂતોને સોયે સો ટકા તેમને વળતર મળે એવી સરકાર પાસે મારી માગણી છે અત્યારે ખેડૂતોના મગ, જુવાર, દિવેલા, મગફળી જેવા અનેક પાકોને નુકસાન થયેલું છે. જેથી સર્વે કરીને સરકાર ખેડૂતોને વળતર આપે તેવી માંગ કરી હતી.

મોટી સંખ્યામાં વાહનો વાડજ, દુધેશ્વર અટવાયા

સુભાષબ્રિજને બંધ કરાતા ટ્રાફિકની જોરદાર સમસ્યા

અમદાવાદ, અમદાવાદ શહેરના હંમેશા વ્યસ્ત રહેતા સુભાષબ્રિજને હાલમાં ટેકનિકલ કારણોસર અને સમાર કામગીરીના લીધે બંધ રાખવામાં આવતા ટ્રાફિકને લઈને ભારે મુશ્કેલી સર્જાઈ ગઈ છે. ટ્રાફિકની સમસ્યાના કારણે સામાન્ય લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. વિકલ્પ ઓછા હોવાના લીધે સુભાષબ્રિજ બંધ કરાતા મર્યાદિત રસ્તા રહેતા ચારેબાજુ ટ્રાફિકજામની સ્થિતિ આજે રવિવારના દિવસે પણ સર્જાઈ હતી અને ચાલુ દિવસોમાં હવે સમસ્યા વધુ જટિલ બની શકે છે. બહારથી આવતી નાની મોટી ગાડીઓ, બસ અને અન્ય વાહનોને સુભાષબ્રિજ બંધ હોવાના કારણે વાડજ રસ્તાનો ઉપયોગ કરવો પડી રહ્યો છે જેના કારણે ઈન્કમટેક્સ વિસ્તારમાં પણ ભારે અંધાધૂંધી સર્જાઈ રહી છે. બીજી બાજુ સાબરમતી વિસ્તારમાંથી આવતી બસોને મોટાભાગે ગાંધી આશ્રમમાંથી નિકળવાની જરૂર પડી રહી છે પરંતુ કાળુપુરથી આવતી બસો અને વાહનો તથા સિવિલ તરફથી આવતી બસોને હવે દુધેશ્વર પુલ પરથી જવાની ફરજ પડી રહી છે. સિવિલ તરફથી આવતી ૩૦૦-૨૦૦ સહિતની બસો જેમાં વધારે સંખ્યામાં યાત્રીઓ મુસાફરી કરે છે તે બસ હવે સુભાષબ્રિજ તરફ જઈ રહી નથી. આના બદલે આ બસ દુધેશ્વર રુટથી ડાયવર્ટ થઈને વાડજ તરફ આવી રહી છે. આજે રવિવારના દિવસે ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે કેટલાક રુટનો ઉપયોગ કરવા ટ્રાફિક પોલીસ દ્વારા સૂચના આપવામાં આવી છે. આ વ્યવસ્થા આવતીકાલથી અમલી બની જશે. બીજી બાજુ વાડજથી સિવિલ અને શાહીબાગ તરફ જતા વાહનોને લઈને પણ ભારે મુશ્કેલી પડી રહી છે. કારણ કે, વાહનોને ઈન્કમ ટેક્સ બ્રિજ અને વાડજ બ્રિજ સિવાય બીજા વિકલ્પ મળી રહ્યા નથી જેથી વાડજ વિસ્તારમાં વાહનોની લાંબી લાઈનો લાગી હતી અને લોકોને નિકળવામાં કલાકોનો સમય લાગ્યો હતો.

દાંતીવાડાનો જૈન પરિવાર એક સાથે સંયમના માર્ગે

દાંતીવાડા, શ્રમણભગવાન મહાવીરની ઉજ્જવળ શ્રમણ પરંપરામાં દાંતીવાડાના એક આખા પરિવારે દીક્ષા અંગીકાર કરવાની પ્રથમ ઘટના ડિસેમ્બરમાં બનશે. દાંતીવાડાના આ જૈન પરિવારનો દીક્ષા પૂર્વે વર્ષીદાન વરઘોડો માર્ગો પર નીકળતાં ગ્રામજનો દીક્ષાર્થી બાળકોને જોઇ આશ્ચર્ય સાથે ભાવવિભોર બન્યાં હતાં. દાંતીવાડાના જૈન સમુદાયમાં દીક્ષાના અગાઉ પ્રસંગ થઈ ચૂક્યા છે. પરંતુ એક આખો પરિવાર નાનીવયના બે બાળકો સાથે દીક્ષા અંગીકાર કરતાં હોવાનો પ્રસંગ ડિસેમ્બરમાં આવી રહ્યો હોઇ જૈન સમુદાય ભાવવિભોર બન્યો છે. મુંબઈમાં ડાયમંડ વ્યવસાય સાથે સંકળાયેલા વિપુલ શેઠ અને પત્ની નિપુણાબેન તેમની પુત્રી હિરકુમારી ઉ.વ ૧૩ અને પુત્ર જિનાર્થ ઉ.વ ૧૨ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો છે. જે દીક્ષા મહોત્સવ સુરત જૈન સંઘ ખાતે યોજાશે. દીક્ષા પૂર્વે દાંતીવાડા નિવાસી આ જૈન પરિવાર વતનમાં આવી પહોચતા તેમનો વર્ષીદાનનો વરઘોડો શનિવારના ગામના અલગ-અલગ માર્ગો પર નીકળ્યો હતો. બેન્ડવાજા સાથે નીકળેલા વરઘોડામાં વિપુલ શેઠ તેમના પત્ની નિપુણાબેન પુત્રી હિરકુમારી અને જિનાર્થએ સંયમ જીવનની સાથે જગતના સુખોનો ત્યાગ કરવાની ભાવના સાથે વસ્ત્ર, વાસણો તેમજ અન્નનું છૂટા હાથે દાન કર્યું હતું.પાલનપુરના કાણોદર ગામના વતની અને હાલ પાલનપુર ખાતે રહેતા મહેન્દ્રભાઈ શાહની પુત્રી માનસીએ નાની ઉંમરે સ્વયંના પંથે જવાનો નિર્ણય કર્યો છે. જેઓ પંદર દિવસ પછી સુરત ખાતે દિક્ષા ગ્રહણ કરવાના છે. આ પ્રસંગે પાલનપુર ખાતે રવિવારે શામળા મહાવીર દેરાસરથી વર્ષીદાનનો વરઘોડો યોજાયો હતો. જે શહેરના મુખ્ય માર્ગો ઉપર પરિભ્રમણ કરી સુરતપાલ દેરાસર પૂર્ણ થયો હતો. સત્વસુંદર મહારાજ સાહેબની ઉપસ્થિતીમાં નીકળેલા વરઘોડામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

હિંમતનગરની સમર્પણ સોસાયટીમાં તસ્કરો ત્રાટકયા

હિંમતનગર, હિંમતનગરના ડેમાઇ રોડ પર આવેલી સમર્પણ સોસાયટીમાં શુક્રવારે રાત્રે ચોર ઇસમોએ બંધ મકાનને નિશાન બનાવી તાળા તોડી સોના, ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂા.૧.૮૦ લાખથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ચોરીના બનાવ સંદર્ભે હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.હિંમતનગરના ડેમાઇ રોડ પર આવેલી સમર્પણ સોસાયટીમાં રહેતા પ્રતાપભાઇ વીરજીભાઇ બોદર તથા પુષ્પેન્દ્રસિંહના મકાનમાં શુક્રવારે રાત્રિના સમયે કોઇ અજાણ્યા ચોર ઇસમોએ બંધ મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી પ્રતાપભાઇ વીરજીભાઇ બોદર તથા પુષ્પેન્દ્રસિંહના મકાનમાંથી સોના, ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂા.૧.૮૦ લાખની મત્તાની ચોરી કરી તેમજ અન્ય મકાનોના તાળા પણ તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. ચોરીના આ બનાવના પગલે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. તો બીજી તરફ પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલીગ કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. ટ્રાફીક ડ્રાઇવમાં વ્યસ્ત પોલીસ માત્ર નિર્દોષ વાહન ચાલકોને દંડ ફટકારવાની કામગીરી કરીને સંતોષ માની રહી છે ત્યારે ગંભીર ગણાતા બનાવોનું પ્રમાણ વધી રહ્યુ હોવા છતાં પણ જવાબદાર પોલીસ અધિકારીઓ દ્વારા આવા ચોર લૂંટારૂઓને પકડવા માટેના કેમ કોઇ પ્રયાસો કરવામાં આવતા નથી તેવી પણ ચર્ચાઓ શહેરના નાગરિકોમાં થઇ રહી છે. ચોરીના બનાવ સંદર્ભે ગંગાબેન પ્રતાપભાઇ બોદરે ફરિયાદ નોધાવી છે. થરાદની પાસે આવેલા અભેપુરા ગામમાં ઠાકોર સમાજના કુળદેવી મોમાઈ સગત માતાનું સ્થાનક આવેલું છે. ગત શુક્રવારની રાત્રિના સુમારે દિવાલ કુદીને આવેલા અજાણ્યા શખ્સ દ્વારા દાન પેટીની ઉઠાંતરી કરી હાઈવે રોડ પાસે લઈ ગયો હતો. તેમજ તેને તોડીને તેમાં રહેલી અંદાજીત ૮૫૦૦ રૂપિયાની રોકડ રકમની ચોરી કરી હતી. ત્યારબાદ દાનપેટી ત્યાં જ ફેંકી દીધી હતી. આ બનાવની સવારે અભેપુરાના યુવકોને જાણ થવા પામી હતી. આથી તેમણે બુટ ના પગલાં ના આધારે પગેરું લેતાં હાઇવે સુધી જણાયું હતું. જ્યાંથી તુટેલી પેટી પણ મળી આવી હતી .જોકે દાનેપેટીમાં આથી આ ઘટનાથી ઠાકોર સમાજના યુવકો માં સમાજમાં ચકચાર ની લાગણી પ્રસરી જવા પામી હતી જોકે આ બનાવ અંગે કોઈ ફરિયાદ કરવામાં ન આવી હોવાનું જાણવા મળ્યું હતું.

ડીસામાં સગીરને ત્રાસ આપનાર પાંચ શખ્સોને સબજેલમાં ધકેલાયાં

ડીસા, શહેરના મારવાડી મોચીવાસમા રહેતા સગીરને બનાસનદીના પટમાં લઈ જઈ નગ્ન કરી માર માર્યા બાદ વીડિયો વાયરલ કરનાર પાંચ શખ્સોને ડીસા શહેર ઉત્તર પોલીસે ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે પાંચેય શખ્સોને સબજેલમાં ધકેલી દીધા છે. ડીસા શહેરના મારવાડી મોચીવાસમા રહેતા ૧૩ વર્ષીય સગીરને પાંચ શખ્સોએ દારૂના નશામાં ચકચૂર બની નગ્ન કરી તેને સોટી વડે માર માર્યા બાદ નદીની ગરમ રેતીમાં ગલોટિયા ખવરાવી જાતીય સતામણી કરતો વિડિયો બનાવી સોસીયલ મીડિયામાં વાઈરલ કરી દેતા ડીસામાં ચકચાર સાથે આક્રોશ ફેલાયો હતો. આ ઘટનાના પગલે પીડિત સગીર બાળકના પિતા દિનેશભાઈ સરદારભાઈ ચૌહાણએ ડીસા ઉત્તર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈમરાન ઉર્ફે ગદાર અનવરભાઈ મિર્ઝા, મોન્ટુ અમરતભાઈ રાઠોડ, મયુર કાંતિલાલ મહેશ્વરી, હિતેશ પુરણભાઈ કહાર અને કમલેશ રામચંદભાઈ ઠાકોરને ઝડપી પાડી તેમની વિરુદ્ધ ઇ.પી.કો. ૩૬૩,૩૨૩,૨૯૪ અને પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

થરાદ પંથકમાં કમોસમી વરસાદથી ખેડૂતોનો મહામૂલો પાક તબાહ થયો

થરાદ, થરાદ તાલુકામાં ચોમાસાના પ્રારંભથી થયેલાં મેઘરાજાના મંડાણ લાભપાંચમ પછી પણ ચાલુ રહેતાં તાલુકાના ખેડુતોને ખરીફ, રવિ અને બાગાયતી પાકોમાં ભારે નુકસાન થયું છે. શનિવારની સાંજે ખાબકેલા બે ઇંચ જેટલા તોફાની વરસાદથી ખેડુતોના ખેતરો પાણીમાં ગરકાવ બનવા પામ્યા હતાં. અને અનેક ખેડુતોના ખેતરોના ખળામાં કાપણી કરીને રાખેલો તથા ઊભેલો જુવાર તથા બાજરીનો ઘાસચારો નષ્ટ થવા પામ્યો હતો. ખેડુતોના ગવારના કાપણી કેટલા પાકને તથા મગફળી,એરંડા અને કપાસના પાકોને ભારે નુકસાન થવા પામ્યું હતું. તદુપરાંત અનેક ગામોમાં જીરૂ, વરિયાળી, ઇસબગુલ તથા રાયડાના પિયતના ક્યારા ભરાઈ જવાના કારણે વાવેતર પણ નષ્ટ થવા પામ્યું હતું. પરિણામે પાક નહી પણ ખેડુતોનાં સપનાં ધોવાતાં ખેડુતોને પડતા પર પાટુની સ્થિતિ સર્જાવા પામી હતી. કમોસમી વરસાદથી જેતડાથી મોરીલા વચ્ચેના ગામોના ખેતરોની જમીનમાં ધોવાણ થયું હોવાનું જેતડાના જગતસિંહ રાજપુત અને મોરીલાના પરબતભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

થરાદના બેટલીયામાં ઘરમાં આવી મહિલાની છેડતી કરાતાં ખળભળાટ

થરાદ, થરાદ તાલુકા બેટલીયા ગામની મહિલાએ થરાદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત શનિવારની સાંજના સાડા છ વાગ્યાના સુમારે તેણી પોતાના ઘરે હતી. તે વખતે ગામના હમીરાભાઈ વીરાભાઇ પટેલ તથા હમીરાભાઈ અજાભાઇ પટેલ બંને જણા તેણીના ઘરે આવ્યા હતા. જે પૈકી હમીરાભાઈ વીરાભાઇ પટેલે કહેલ કે આજથી પંદરેક દિવસ પહેલા બોરીઓના ભાડાના પૈસા સાતસો લેવાના બાકી છે. જે મને આપો તેમ કહેતાં તેણે પતિ ઘરે આવેથી બાકીના પૈસા તમને આપી દેશે તેવી વાત કરી હતી. પરંતુ હમીરાભાઈએ તેણી સાથે પૈસા માટે જીદ કરતાં તેણી પૈસા લેવા માટે ઘરમાં ગઈ હતી. અને ઘરમાં પડેલ લોખંડની પેટીનું તાળુ ચાવીથી ખોલવા જતાં પાછળથી આવેલા નરાધમે તેણીની આબરૂ લેવાની કોશિશ કરી હતી. જો કે તેણીએ વધારે બુમાબુમ કરતાં બંન્ને શખ્સો નાસી છુટયા હતા. આ વખતે ખેતરમાંથી જેઠ દોડી આવતા તેણીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પોલીસે બંન્ને શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

સુઈગામ તાલુકાના ખડોલ ગામે સેવાસેતુમાં ૮૯૮ અરજીનો નિકાલ

સુઈગામ, સુઈગામ તાલુકાના ખડોલ ખાતે શનિવારે સેવાસેત કાર્યક્રમનું આયોજન કરાયું હતું,જેમાં ખડોલ ઉપરાંત આજુબાજુ ના ગામોના ૮૯૮ અરજદારોએ વિવિધ યોજનાનો લાભ લીધો હતો.જેમાં સુઈગામ તાલુકા વહીવટી તંત્ર દ્વારા તમામ અરજીઓનો સ્થળ નિકાલ કર્યો હતો,સુઈગામ તાલુકાના ખડોલ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ખડોલ,બેણપ,ભટાસણા,રડકા, કુંભારખા, સેડવ, વિગેરે ગામોમાંથી કુલ ૮૯૮ અરજદારોએ રેશનકાર્ડ,માં કાર્ડ, આધારકાર્ડ, આરોગ્ય ચકાસણી,વિદ્યુત બોર્ડ,જાતિ આવકના દાખલા સહિતની સરકારી યોજનાઓ અંગે અરજી કરેલ તે તમામનો સ્થળ નિકાલ કરાયો હતો. આ પ્રસંગે વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, સુઈગામ પ્રાંત કલેકટર આર. બી. અસારી,મામલતદાર પી. એન. ગઢવી, ટી.ડી.ઓ ટી. ડી. વણકર,તલાટી નાગજીભાઈ ચૌધરી, કું.પૂજાબેન પી.સોલંકી.નિરૂપાબેન ડાભી તલાટી વીજ અધિકારી, આરોગ્ય કર્મચારીઓ સહિત વહીવટી સ્ટાફ હાજર રહ્યો હતો.

દહેગામમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૨૫૦ નજીક પહોંચી

દહેગામ, દહેગામમાં પાછલા અઢી મહિનામાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૨૫૦ નજીક પહોંચી છે. સરકારી ચોપડે દર્દીઓની સંખ્યા અડધાથી પણ ઓછી છે. જો કે ખાનગી હોસ્પિટલો અને લેબોરેટરી પાસેથી મળતી માહિતી અનુસાર, ગત ચાર સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૩૮ દર્દીઓ નવા નોંધાયા છે, જેના કારણે પાછલા અઢી મહિનામાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા ૨૫૦ નજીક પહોંચી છે. શિયાળાના આગમન પહેલાં માવઠાની સ્થિતિ સર્જાતા રોગચાળાનો ભય વધુ ઘેરો બન્યો છે. તેમાં પણ તહેવારોની મોસમના કારણે દહેગામમાં રોગચાળો વકરી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઓક્ટોબર મહિના દરમિયાન દહેગામની ખાનગી લેબોરેટરીમાં ડેન્ગ્યુના ૧૩૮ કેસ નોંધાયા છે. પાર્થ લેબોરેટરીમાં ૨૯, શ્રી લેબોરેટરીમાં ૩૫, દહેગામ લેબોરેટરીમાં ૩૮ કેસ પોઝિટિવ નોંધાયા છે. અગાઉના છ સપ્તાહ દરમિયાન દહેગામમાં ડેન્ગ્યુના ૧૦૦થી વધુ કેસ નોંધાયા હતા. આમ પાછલા અઢી મહિનામાં ડેન્ગ્યુના દર્દીઓનો આંકડો ૨૫૦ નજીક પહોંચ્યો છે.

રોગચાળો અટકાવવા માટે આરોગ્ય વિભાગે હાથ ધરેલી કવાયત દરમિયાન દહેગામની નવકુંડ સોસાયટી ખાતે રહેતી મહિલાનું ડેન્ગ્યુની સારવાર દરમિયાન મોત થયું છે. ૫૩ વર્ષીય માયાબેન રતનસિંહ ચાવડાના પરિવારજનોના જણાવ્યા મુજબ, ડેન્ગ્યુની અસર જણાતા તેમને ૨૩મી ઓક્ટોબરે દહેગામની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તબિયત લથડતાં તેમને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં રીફર કરાયા હતા. હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં તેમને ખેંચ આવી હતી અને બેભાન થઈ ગયા હતા. વેન્ટિલેટર પર રાખવા છતાં તેમની તબિયત સુધરી ન હતી અને આખરે ૩૧મી ઓક્ટોબરે બપોરે તેમનું મોત થયું હતું.

હવામાનમાં પલટો: ગાંધીનગર સહિત જિલ્લામાં વરસાદી માહોલ

ગાંધીનગર, મહા નામના વાવાઝોડાની અસર થતાં આજે સવારથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. દરિયાકાંઠાના વિસ્તારોની સાથે ગાંધીનગર શહેર સહિત જિલ્લાના ચારેય તાલુકા મથક અને ગ્રામ્ય વિસ્તારોમાં આજે સવારથી વરસાદી માહોલ જોવા મળ્યો હતો. પાટનગર સહિત ચારેય તાલુકામાં એક મિ.મી.થી વધુ વરસાદ થયો હતો. તેના કારણે વાતાવરણમાં વ્યાપક ઠંડક પ્રસરી જવા પામી હતી. તો બીજી તરફ જિલ્લાના ખેડૂતોની હાલત અત્યંત કફોડી બની છે. રાજયના વાતાવરણમાં આવેલા પલ્ટાની અસર ગાંધીનગર જિલ્લામાં પણ વર્તાવા લાગી છે. ગાંધીનગર શહેરમાં આજે સવારથી વાદળા ઘેરાયેલા રહ્યાં હતાં અને દિવસ દરમિયાન વરસાદના હળવા ઝાપટા પડ્યા હતાં. તેના કારણે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનચાલકો પ્રભાવિત થયા હતાં. રોડ ભીના થઈ જવાના કારણે બાઈક સ્લીપ થઈ જવાના ડરથી વધુ બનાવો બન્યા હતાં. વરસાદી વાતાવરણની અસરના કારણે ગાંધીનગરમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને શહેરનો માહોલ હિલસ્ટેશન જેવો દેખાઈ રહ્યો હતો. માણસા, કલોલ અને દહેગામથી મળતા અહેવાલો અનુસાર આજે સવારથી વાતાવરણ ઘનઘોર બન્યુ હતું. કલોલમાં બપોરના ૨થી ૪, ગાંધીનગરમાં ૪થી ૬ અને દહેગામમાં સાંજે ૬થી ૮ દરમિયાન વરસાદ થયો હતો. જ્યારે માણસા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો હતો. આ તમામ પંથકમાં એક મિ.મીથી વધુ વરસાદ નોંધાયો છે. એકાએક થયેલા વરસાદથી ખેતરમાં કપાસેના ઉભા પાકને અને જીંડવાને વ્યાપક નુકશાન થયુ હતું. તે ઉપરાંત ડાંગર તેમજ મગફળીના પાકને પણ નુકશાન થયુ હોવાનું ખેડૂતો દ્વારા જણાવાયુ છે.

પરિવાર વેકેશન દરમિયાન વતનમાં ગયો અને ઘર પર તસ્કરો ત્રાટક્યા

ગાંધીનગર, વેકેશનમાં બહાર ગયેલા પરિવારો પરત આવતાની સાથે ઘરફોડ ચોરીના કિસ્સા બહાર આવી રહ્યા છે. સેક્ટર-૨૨માં રહેતો પરિવાર ઘર બંધ કરીને દિવાળી વેકેશનમાં વતન ગયો હતો ત્યારે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. મુખ્ય દરવાજાનો નકુચો તોડીને ઘૂસેલા તસ્કરોએ ટીવી અને બે લેપટોપ સહિત કુલ રૂ. ૬૦ હજારની મત્તાની ચોરી કરી હતી. સેક્ટર-૨૨માં ઘ ટાઈપના બ્લોક નં-૧૫/૩ ખાતે રહેતાં શૈલેષકુમાર ચંદુભઆઈ કોટવાલ પરિવાર સાથે દિવાળી વેકેશનમાં વતન ભિલોડા ખાતે ગયા હતા. શુક્રવારે તેમની નીચે રહેતાં પાડોશીએ ફોન કરીને દરવાજાનો નકુચો તુટેલો જણાવ્યું હતું. અજુગતું બન્યાની આશંકાથી શૈલેષકુમાર તરત ઘરે પહોંચ્યા હતા. તેમણે ઘરે જોયું તો મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો હતો અને સામાન વિરેવિખેર પડ્યો હતો. ઘરે સામાન ચેક કરતાં દિવાલમાં ફીટ કરેલું રૂ.૧૫ હજારની કિંમતનું ૪૨ ઈંચનું એલઈડી ટીવી, રૂ.૪૫ હજારના બે લેપટોપ ગુમ હતા. શૈલેષકુમારે રૂ. ૬૦ હજારની મત્તાની ચોરી અંગે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદીના નીચેના ઘરે રહેતાં શશીકાંતભાઈ પંડ્યાના બંધ મકાનમાં પણ તસ્કરોએ ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં તસ્કરોએ પહેલાં મુખ્ય દરવાજે લાગેલું તાળું તોડ્યું હતું, પરંતુ ઈન્ટરલોક તૂટ્યું ન હતું. જેને પગલે તસ્કરોએ ટોઈલેટના વેન્ટિલેશન માટે મુકેલી નાનકડી બારીની જાળી કાપી હતી પરંતુ ત્યાં પણ લોખંડની ગ્રીલ હોવાથી તેઓ ઘૂસી શક્યા ન હતા.

PARAS PETROFILS LIMITED
CIN: L17110GJ1991PLC015254
Add: 1st Floor, Dhamanwala Complex, Opp. Apple Hospital Khatodara Road, Udhana, Surat -395002, Gujarat
Phone : +91-9825568096
Email: finance@paraspetrofils.com

NOTICE

Notice is hereby given pursuant to the Reg. 47 of SEBI (LODR) Reg., 2015 that the meeting of Board of Directors will be held on **Thursday, the 14th Day of November, 2019 at 01:00 P.M.** at the Registered Office of the Company, inter alia, to consider and approve the Unaudited Financial Results of the Company along with Limited Review Report for the quarter ended on 30th September, 2019.

For more details, please refer to the notice available on the website **www.paraspetrofils.co.in** and on the website of the Stock Exchange at **www.bseindia.com** & **www.nseindia.com**.

For Paras Petrofils Limited

Date: 01.11.2019 **(Diwakar Agrawal)**
Place: Surat **Company Secretary**